GJRJ080006622025

| | | |
|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૧૬–૧૨–૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | : | ૧૬–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૦૨–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | : | **વર્ષ માસ દિવસ**<br>૦૦ ૦૩ ૧૭ |

**ફોજદારી કેસ નં. ૫૨૨/૨૦૨૫ :: નમૂના–અ :: આંક : ૧૮**

**જામકંડોરણાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (આકાશ પ્રમોદ વર્મા) સાહેબની કોર્ટમાં, મુ.જામકંડોરણા, જી. રાજકોટ.**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૨–૦૪–૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | ૫૨૨/૨૦૨૫ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫(એફ). |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૧૩૦૨૦૨૫૦૪૭૨ |
| પોલીસ સ્ટેશન | જામકંડોરણા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌધરી |
| આરોપી પક્ષ | જયદિપસિંહ નારૂભા જાડેજા, ઉ.વ.આ. ૨૬, રહે. મેઘાવડ, તા. જામકંડોરણા, જી. રાજકોટ. |
| રજુઆત | વિ.વ.શ્રી પી.આર.કોયાણી |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪–૧૦–૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૪–૧૦–૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૬–૧૨–૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૬–૦૧–૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૯–૦૧–૨૦૨૬ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | .......... |
| ચૂકાદાની તારીખ | ૦૨–૦૪–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | .......... |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જયદિપસિંહ નારૂભા જાડેજા | ૨૪–૧૦–૨૦૨૫ | ૨૪–૧૦–૨૦૨૫ | ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫(એફ) | નિર્દોષ | ના | |

## :: નમૂનો ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષ

| ક્રમ | સાહેદનું નામ | પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ભરતકુમાર કેશવલાલ પંડયા | પંચ સાહેદ |
| ફ.સ.૨ | કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ ટાંક | પંચ સાહેદ |
| ફ.સ.૩ | મનજીભાઈ મેઘાભાઈ ચૌહાણ | ફરિયાદી |

### બ. બચાવ પક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | | |
| ન્યા.સ.૧ | | |

નોંધ–ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરિયાદ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચ સાહેદ – ભરતકુમાર કેશવલાલ પંડયા |

| | | |
|---|---|---|
| ૨ | ૦૯ | પંચનામુ |
| ૩ | ૧૧ | પંચ સાહેદ – કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ ટાંક |
| ૪ | ૧૬ | ફરિયાદી – મનજીભાઈ મેઘાભાઈ ચૌહાણ |
| ૫ | ૧૭ | ફરિયાદ |

**બ. બચાવ**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

**ક. ન્યાયાલય આંક**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

## :: ચુ કા દો ::

(૧) ફરિયાદપક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, ગઈ તારીખ ૨૪–૧૦–૨૦૨૫ ના રોજ કલાક ૧૬:૦૦ વાગ્યાથી આ કામના ફરિયાદી પોલીસ કોન્સ્ટેબલ મનજીભાઈ મેઘાભાઈ ચૌહાણ તથા એ.એસ.આઈ. આર.જી.મેટાળીયા એમ બન્ને ખાનગી વાહનમાં વાવડી ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા મેઘાવડ થી સાજડીયાળી જવાના રસ્તે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે, જયદિપસિંહ નારૂભા જાડેજા, ઉ.વ.આ. ૨૬, રહે. મેઘાવડ, તા. જામકંડોરણા, જી. રાજકોટ વાળા પોતાની વાડીથી થોડે દુર ફોફળ નદીના કાંઠે દેશી દારૂની ભઠ્ઠી ચલાવે છે તેવી હકીકતના આધારે કલાક ૧૭:૨૦ વાગ્યે રેઈડ કરતા ફોફળ નદીના કાંઠાના ભાગે ખાખરાના ઝાડ નીચે જોતા ૪ પીળા કલરના પ્લાસ્ટીકના કેરબા તેમજ એક

લોખંડનું બેરડ પડેલ હતુ જેથી કેરબાના ઢાંકળાઓ ખોલી જોતા પીળા કલરનું પ્રવાહી ભરેલ જોવામાં આવેલ. જેથી તુરંત જ બે રાહદારી પંચો ને બોલાવી ચારેય પ્લાસ્ટીકના કેરબાઓનું પ્રવાહી પંચો રૂબરૂ સુંધી સુંઘાડી જોતા તેમાંથી દેશી દારૂ બનાવવાના આથાની તીવ્ર વાસ આવતી હોય જે દરેક કેરબા આશરે ૩૦ લીટરની ક્ષમતા વાળા હોય અને આ ચારેય કેરબા આથાના સંપૂર્ણ ભરેલ જોવામાં આવેલ જેથી આશરે ૨૦૦ એમ.એલ. જેટલો એક સેમ્પલ બોટલમાં ભરી પ્રમાણસર મોરથુથુ નાંખી પંચોની સહીવાળી કાપલી રાખી, પી.એસ.આઈ. જામકંડોરણાના હોદ્દાનુ શીલ કરી કિં.રૂા. ૦૦:૦૦ ગણી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબજે કરેલ. તેમજ આથો લીટર ૧ ની કિં.રૂા. ૨૫/– લેખે કુલ આથો લીટર ૧૨૦, કિં.રૂા. ૩૦૦૦/– નો ગણી સ્થળ ઉપર આથાનો નાશ કરેલ. તેમજ પ્લાસ્ટીકના કેરબાઓ તથા લોખંડના બેરલનો તોડીફોડી નાશ કરેલ. આમ, મજકુર ઈશમે ગેરકાનુની પાસ પરમીટ કે આધાર વગર ફોફળ નદીના કાંઠે દેશીદારૂ બનાવવાનો આથો લીટર ૧૨૦, કિં.રૂા. ૩૦૦૦/– નો રાખી હાજર નહી મળી આવતા, તા. ૨૬–૧૧–૨૦૨૫ ના રોજ સામે ચાલી હાજર થતા આરોપીની ધોરણસર અટક કરવામાં આવેલ. ત્યારબાદ, આ કામના ફરિયાદીએ ગુના સબબ જામકંડોરણા પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.નં. ૧૧૨૧૩૦૨૦૨૫૦૪૭૨, તારીખ ૨૪–૧૦–૨૦૨૫ થી આપેલ અને આરોપી વિરૂધ્ધ સંબંધીત તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પુર્ણ થતા ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ ૬૫(એફ) મુજબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આગળ વધતા પહેલા એ નોંધનીય છે કે ગુજરાત નામદાર વડી અદાલત ધ્વારા નિર્ણિત **ક્રિ.મીસ.એપ્લી. નં. ૮૮૯૨–૨૦૧૮ જયંતીભાઈ મકનભાઈ ડામોરના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, પ્રોહિબિશન એકટ અન્વયેના ગુનાઓ ટ્રાયલ બાય મેજીસ્ટ્રેટ છે.** જેથી સદર ચુકાદાના નિર્ણયાધારને ધ્યાને લઈ આ કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી ને સમન્સ કાઢતા આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ અને આરોપી ને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ તમામ કેસ પેપર્સ ની નકલ વિના મુલ્યે આપવામા આવેલ અને ત્યારબાદ આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૬ આરોપી ની પ્લી રેકર્ડ કરવામા આવેલી જેમા આરોપી એ ગુનો કબુલ નહી કરતા હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ત્યારબાદ, હાલનો કેસ ફરિયાદપક્ષ ના પુરાવાના તબકકે રહેતા ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:મૌખીક પુરાવો:–**

| ક્રમ | મૌખીક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ – ભરતકુમાર કેશવલાલ પંડયા નાઓની જુબાની | ૦૮ |
| ૨ | પંચ સાહેદ – કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ ટાંક નાઓની જુબાની | ૧૧ |
| ૩ | ફરિયાદી – મનજીભાઈ મેઘાભાઈ ચૌહાણ નાઓની જુબાની | ૧૬ |

**–:દસ્તાવેજીપુરાવો:–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૯ |
| ૨ | ફરિયાદ | ૧૭ |

**(૪)** ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ ફરિયાદપક્ષ નો પુરાવો પુરો થયાની મૌખીક જાહેરાત કરતા આ કામે આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ ૩૫૧ મુજબ વિશેષ નીવેદન લેવામા આવેલ છે, જેમાં તેઓએ ફરિયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને પોતે નિર્દોષ હોવાનુ તેમજ તેમના પક્ષના કોઈ સાક્ષી કે પુરાવો રજુ નહી કરવા જણાવેલ છે.

**(૫)** ત્યારબાદ, આ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે આરોપીના વિધ્વાન વકીલ શ્રી ની દલીલ સાંભળવામા આવેલ છે.

**(૬)** હાલના કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** *શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ* ગેરકાનુની પાસ પરમીટ કે આધાર વગર ફોફળ નદીના કાંઠે દેશીદારૂ બનાવવાનો આથો લીટર ૧૨૦, કિં.રૂા. ૩૦૦૦/– નો રાખી મજકુર ઈસમે ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫(એફ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો *કરેલ છે ?*

**૨.** *શું હુકમ ?*

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) નકારમાં.

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :–**

(૮) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા પ્રણાલી પ્રમાાણે ફરિયાદપક્ષ તરફે આરોપી વિરૂઘ્ધ આક્ષેપીત ગુનાઓ હર કોઈ શંકાથી પર સાબીત કરવાના હોય અને તે મુજબ આ જવાબદારી ફરિયાદપક્ષના શીરે છે. ફરિયાદપક્ષે માત્ર સભંવિતતા દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી ઉપરના તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. આ કામે આરોપી વિરૂઘ્ધ ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષ ઘ્વારા ભારતીય પુરાવા અધિનીયમ ૧૮૭૨ ની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૯) સદરહું મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લઈ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામે આંક–૦૮ તથા આંક–૧૧ થી ક્રમશ: પંચ સાહેદ ભરતકુમાર કેશવલાલ પંડયા, કુલદિપસિંહ રાજેન્દ્દસિંહ ટાંક નાઓને સરકારપક્ષે તપાસવામાં આવેલ છે અને તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપેલ નથી, તેઓ ફકત પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે અને પંચનામુ આંક–૦૯ થી રજુ કરેલ છે. સરતપાસ દરમ્યાન તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય, ફરિયાદ પક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ છે તેમ છતાં તેઓ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી

(૧૦) આ કામે ફરિયાદપક્ષે આંક–૧૬ થી ફરિયાદી – મનજીભાઈ મેઘાભાઈ ચૌહાણ નાઓને તપાસવામાં આવેલ છે અને તેમણે જુબાની દરમ્યાન જણાવે છે કે, ગઈ તા.૨૪–૧૦–૨૦૨૫ ના રોજ અમો તથા પોલીસ સ્ટાફનાં માણસો પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન મેઘાવડથી સાજડીયાળી જવાના રસ્તે પહોંચતા મળેલ હકિકતને આધારે ફોફળ નદીના કાંઠે ખાખરાના ઝાડ નીચે જોતા ૪ પીળા કલરના કેરબા તેમજ લોખંડનું બેરલ પડેલ હોય જેથી પીળા કલરના કેરબામાં જોતા પીળા કલરનું પ્રવાહી ભરેલ હોય જેથી તુરંત બે રાહદારી પંચો બોલાવી પંચો રૂબરૂ મુદ્દામાલ સુંઘી સુંઘાડી જોતાં દેશી દારૂ બનાવવાના આથાની વાસ આવતી હોય જેથી તેમાંથી

એક સેમ્પલ લીધેલ તેમજ દેશીદારૂ બનાવવાના આથા કેરબા નંગ–૩, લી.૧૨૦, કિ.રૂા.૩૦૦૦/– નો મુદામાલ તેમજ કેરબાઓ અને બેરલનો નાશ કરેલ. હાલના ગુનાના કામના મજકુર ઈસમે ગેરકાદેસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં દેશી દારૂ બનાવવાનો આથો રાખી હાજર મળી નહી આવતા મજકુર ઈસમે પ્રોહીબીશન કલમ મુજબનો ગુન્હો કરેલ હોય જેથી પ્રોહી.ગુના અંગે અમોએ શ્રી સરકાર તરફે ફરીયાદી બની ગુન્હો દાખલ કરાવેલ મને મેં આપેલ ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં મારી સહી જે હુ ઓળખુ છુ જે રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. ત્યારબાદ પી.એસ.ઓ દવારા આર.જી. મેટાળીયાને તપાસ ડેપ્યુટ થતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદન લઈ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

ત્યારબાદ, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, ફરિયાદીની ફરિયાદમાં કયા વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલાં તથા પંચોનાં નામ ઉલ્લેખ કરેલો નથી. એ વાત ખરી છે કે, પંચો બનાવવાળી જગ્યાએથી ઘણાં દુર રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુ માણસો અવર જવર કરતા હોય છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલાં નથી. એ વાત ખરી છે કે, સેમ્પલ લેવા માટેની બોટલ કયાંથી મેળવેલ તેનો ઉલ્લેખ ફરિયાદમાં નથી તથા તપાસમાં ખુલેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ કામગીરી બતાવવા ખોટી ફરિયાદ કરી, તેના સમર્થનમાં ત.ક.અ.એ ખોટી તપાસ કરી આરોપી સામે ખોટું ચાર્જશીટ કરેલું છે.

**(૧૧)** આ કામે ફરિયાદમાં ફરિયાદીએ જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો અને તે અંગેનુ પંચનામુ પંચો રૂબરૂ કરવામા આવેલુ. ફરિયાદીએ સરતપાસમા ફરિયાદની હકીકતોને સમર્થન આપેલુ છે અને જણાવ્યુ છે કે, બનાવના દિવસે આરોપીના કબજા ભોગવટા માંથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ મળી આવેલો જે પંચો રૂબરૂ કબજે કરવામા આવેલો. ફરિયાદપક્ષે મુદ્દામાલ જે પંચ સાહેદોની હાજરીમા કરવામા આવેલો છે, તેઓને સાક્ષી તરીકે તપાસેલા છે પરંતુ બન્ને પંચ સાહેદો પૈકી કોઈ પણ પંચ સાહેદે તેઓની હાજરીમા આરોપી પાસેથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોય, તેવી હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદ કરતા અગાઉ પંચો હાજર હોવા છતાં, ફરિયાદમા પંચોના નામ જણાવેલા નથી જે ફરિયાદીની

ફરિયાદ અંગે શંકા ઉપજાવે છે. પંચ સાહેદોએ પંચનામાની વિગતોએ સમર્થન આપેલુ નથી. આ તબકકે ગુજરાત વડી અદાલત, **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત સને–૨૦૧૨(૦) જી.એલ.એચ.ઈ.એલ. –એચ.સી.–૨૨૭૬૯૮**

'' જો પંચો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનાામાં મુજબ રીકવરી કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતુ હોય તેમજ ફરીયાદ પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત હાલના કેસમાં લાગુ પડે છે. નામદાર ઉચ્ચ અદાલત ના ચુકાદાઆઓ માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ છે તે બાબતે પંચો સમર્થન ન કરતા હોય તો પોલીસ સાહેદોના પુરાવાને માની શકાય નહી. એ નોંધવુ આવશ્યક છે કે,પોલીસ સાહેદોના પુરાવાને અત્રેની કોર્ટ નકારતી નથી. પરતુ પોલીસ સાહેદોના પુરાવાની કોઈ સ્વત્રંત સાહેદો અથવા કે રીકવરી ડીસ્કવરી પંચોનુ પુરાવો સમર્થનકારક હોવો જરૂરી છે ફકત પોલીસ સાહેદોના નિવેદનો ઉપર થી અને ફરિયાદ ઉપર થી તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત સંજોગોમાં નામદાર વડી અદાલત ધ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે.

***The state of Gujrat VS Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) & Ors.2014(4) GLR 3159***

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"*

તેમજ, આ કામે ફરિયાદપક્ષ ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો ને તપાસવામાં આવેલા નથી. આમ, બનાવ સમયે આરોપીના કબજા ભોગવટા માંથી ફરિયાદમા જણાવેલ મુદ્દામાલ

મળી આવેલો હોય, તે હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલો નથી. તપાસ કરનાર અમલદાર ધ્વારા જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલો છે તેની માલીકી અંગેના કોઈ પુરાવા પણ મેળવવામા આવેલા નથી. વધુમાં આ કામે એફ.એસ.એલ.રીપોર્ટ પણ રજુ થયેલ નથી.

**(૧૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા પ્રમાણે આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલી છે. પરંતુ તે કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય છે અને પુરાવા અધિનીયમ સિધ્ધાંત અનુસાર જો પુરાવામાં શંકાઓ ઉભી થાય તો તેનો સિધો લાભ આરોપીને મળવાપાત્ર છે. જેથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

| | |
|---|---|
| **૧.** | આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૭૧ અન્વયે ગુજરાત પ્રોહિબિશન એકટ ૧૯૪૯ ની કલમ ૬૫(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| **૨.** | ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ આ કામના આરોપીના જામીન છ મહીના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. |
| **૩.** | મુદ્દામાલ પાવતી માં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. |

**હુકમ આજરોજ તારીખ-૦૨ જી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ- જામકંડોરણા.
તારીખ -૦૨-૦૪-૨૦૨૬

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,જામકંડોરણા.
જજ કોડ જી.જે ૦૧૭૦૭